**<u>સેશન્સ કેસ નંબર ::– ૩૩ / ૨૦૧૭</u>**

## આંક–૧ લગત હુકમ

આ કામે કેસનું રેકર્ડ જોતા તા.૩૦/૦૧/૨૦૧૭ ના રોજ મુળી પોલીસ સ્ટેશન ખાતે જાહેર થયેલ હાલના ગુના કામે તપાસના અંતે રજુ થયેલ ચાર્જસીટ આધારે કેસ સેશન્સ કોર્ટમાં કમિટ થઇને આવતા આરોપીઓ વિરૂધ્ધના હાલના ગુના કામનું ટ્રાયલ તા.૧૮/૦૯/૨૦૧૭ ના રોજ આંક–૨૦ થી તહોમત ફરમાવવામાં આવ્યુ ત્યારથી શરૂ થયેલ છે. પરંતુ કેસનું રેકર્ડ જોતા ગુનો જાહેર થયાને પાંચ વર્ષ ઉપરાંતનો સમય વ્યતિત થયેલ હોવા છતાં પ્રોસીકયુશન તરફથી સાહેદોને સમન્સ બજાવી હાજર રાખવા યોગ્ય તકેદારી અને પગલા લેવામાં આવતા ન હોવાના કારણે, ટ્રાયલ પુર્ણ થઇ શકેલ નથી. તપાસ કરનાર અમલદારશ્રીની દર મુદતે ચાર્જસીટમાં જણાવેલ સાહેદો, સાહેદોને કરવામાં આવેલ સમન્સ બજાવી હાજર રખાવવા પગલા લેવાની કાયદેસરની ફરજ છે. તપાસ કરનાર અમલદારશ્રી મુળી પોલીસ સ્ટેશનમાંથી બદલાઇ ગયેલ હોય ત્યારે મુળી પોલીસ સ્ટેશનના જવાબદાર અધિકારીશ્રીએ આ બાબતે નિયમ મુજબના પગલા લેવાની કાયદેસરની ફરજ બને છે. પરંતુ હાથ પરના કેસને જોતા સાહેદ નં.૨૮ ને સમન્સ કરવા છતાં સમન્સ યોગ્ય રીતે બજવણી કરી સાહેદને હાજર રખાવવા પુરતા પગલા લેવામાં આવતા ન હોવાનું જણાઇ આવે છે અને આ કારણ સબબ ગુનો જાહેર થયાને પાંચ વર્ષ ઉપરાંતનો સમય થયેલ હોવા છતાં કેસનું ટ્રાયલ પુર્ણ થઇ શકતુ નથી.

ઉપરોકત સંજોગોને નજર સમક્ષ રાખતા ટ્રાયલ માટે મુકરર કરેલ હવે પછીની તારીખોએ જો તપાસ કરનાર અમલદારશ્રીને હાજર રહેવા હુકમ કરવામાં ન આવે તો તે કારણે કેસનું ટ્રાયલ પુર્ણ થઇ શકે નહી તેવા સંજોગોનું નિર્માણ થયેલ હોય અત્રેની

અદાલતને હવે પછીની મુકરર થયેલ તારીખથી કેસની સુનાવણી જે જે તારીખો ઉપર મુલત્વી રહે તે તમામ તારીખોએ ગુના કામના તપાસ કરનાર અમલદારશ્રી જાતે અથવા તો મુળી પોલીસ સ્ટેશનના જવાબદાર અધિકારી મારફતે અદાલત સમક્ષ રૂબરૂ હાજર રહે તેવો હુકમ કરવો અનિવાર્ય બનેલ છે. જેથી ન્યાયના વિશાળ હિતમાં તથા પાંચ વર્ષ જુના કેસનું ટ્રાયલ બનતી ત્વરાએ ડે ટુ ડે ધોરણે ચલાવી પુર્ણ કરી શકાય તે માટે સાહેદો ની હાજરી સુનિશ્ચીત કરવા ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**– :: હુ ક મ ::–**

તપાસ કરનાર અમલદારશ્રીએ હવે પછીની મુકરર થયેલ તારીખથી કેસની સુનાવણી જે જે તારીખો ઉપર મુલત્વી રહે તે તમામ તારીખોએ જાતે અથવા તો મુળી પોલીસ સ્ટેશનના જવાબદાર અધિકારી મારફતે અદાલત સમક્ષ રૂબરૂ હાજર રહી સાહેદોને સમન્સ બજાવી સમયસર હાજર રખાવવા હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

તારીખ :: ૨૮/૦૬/૨૦૨૨.

સ્થળ :: સુરેન્દ્રનગર.

(પ્રતાપદાન એસ. ગઢવી)
સેશન્સ જજ,
સુરેન્દ્રનગર.
**જીજે–૦૦૪૪૦.**